બીજાના સુખમાં સુખી અને
એના દુઃખમાં દુઃખી થવું
એને પ્રેમ કહેવાય
- એસ. ભટ્ટાચાર્ય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૬૭ | ૨૭ ઓગષ્ટ, ૨૦૧૨, સોમવાર; અધિક ભાદરવા સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ચૂંટણી પંચ ત્રણ દિવસ ગાંધીનગરમાં

### નાયબ ચૂંટણી કમિશનર શ્રી વિનોદ ઝુત્સી ૨૯-૩૦-૩૧ ગુજરાત આવી રહ્યા છે : મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં ચૂંટણીની તૈયારીની સમીક્ષા તેમજ મતદાર યાદીની પ્રસિધ્ધિ સુધી પંચ રોકાશે

ગાંધીનગર, તા.૨૬

કેન્દ્રીય ચૂંટણી પંચના નાયબ ચૂંટણી કમિશ્નરશ્રી વિનોદ ઝુત્સી ત્રણ દિવસના રાજયના પ્રવાસે આવી રહ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ રાજયમાં આવી રહેલી વિધાનસભાની ચૂંટણીઓ અંગે તંત્ર દ્વારા ચાલી રહેલી તૈયારીઓની સમીક્ષાના ભાગ રૂપે તેમજ મતદાર યાદીની આખરી પ્રસિધ્ધિને લઈ તેઓ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ૩૧મી ઓગષ્ટના રોજ મતદારયાદીની આખરી પ્રસિધ્ધિ થવાની છે. પંચે મતદારયાદી ક્ષતિ રહિત અને અણીશુધ્ધ બને તેમજ યુવા મતદારોને તેમના અધિકાર આપવા માટે તાજેતરમાં મતદાર યાદી સુધારણાની વિશેષ ઝુંબેશ પણ હાથ ધરી હતી. દરેક જિલ્લામાં આ અંગે ખાસ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

મળતી વિગતો મુજબ શ્રી ઝુત્સી ૨૯, ૩૦ અને ૩૧ ઓગષ્ટના રોજ રાજયના પ્રવાસે આવી રહ્યા છે.

૨૯મીએ સવારે તેઓ મધ્ય ગુજરાત તેમજ અમદાવાદ-ગાંધીનગરના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક અમદાવાદ ખાતે યોજશે. આ સમીક્ષા બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારી કલેકટર તેમજ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા પોલીસ વડાઓ હાજર રહેશે.

૩૦મીએ તેઓ ઉત્તર ગુજરાતના જિલ્લાઓની આવી સમીક્ષા બેઠક કરશે. જયારે ૩૧મીએ મતદાર યાદીની પ્રસિધ્ધિ કરાયા બાદ તેની બધી જ વિગતો સાથે તેઓ દિલ્હી જવા રવાના થશે. મતદાર યાદી સુધારણાની વિશેષ જવાબદારી ગુજરાતની તેઓ સંભાળતા હોઈ તેઓ મતદારયાદી શુધ્ધ, ક્ષતિરહિત બને તે માટે ખાસ આગ્રહી છે.

રાજયમાં આવી રહેલી ચૂંટણીઓને લઈ તેમની આ મુલાકાતને પણ વિશેષ મહત્વ અપાઈ રહ્યું છે. મળતી વિગતો મુજબ મતદારયાદીની પ્રસિધ્ધિ થયા બાદ પંચ ચૂંટણી યોજવા માટેની દિશામાં આગળ વધશે.

મળતા નિર્દેશો મુજબ હાલ રાજયના વિવિધ જિલ્લાઓમાં ઈ.વી.એમ.ના ફર્સ્ટ લેવલ ચેકિંગની કામગીરી ભેલના તકનીકી અધિકારીઓ દ્વારા ચાલી રહ્યું છે અને તે કામગીરી પણ સપ્ટેમ્બર માસના પ્રથમ પખવાડિયામાં પૂર્ણ થઈ જશે.

સપ્ટેમ્બરના અંતમાં અથવા તો ઓકટોબર માસ દરમિયાન પંચ રાજયની વિધાનસભાની ચૂંટણીઓ અંગે ઘોષણા કરે તેવી શકતાઓ છે.

બીજી તરફ જેમ જેમ મતદારયાદીની આખરી પ્રસિધ્ધિ નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય પક્ષોએ પણ ચૂંટણી લક્ષી તેમની કવાયતો વેગીલી બનાવી છે અને ગાંધીનગર અમદાવાદમાં બેઠકોનો ધમધમાટ વધી જવા પામ્યો છે.

મતદારયાદી સુધારણા માટે નિમાયેલા નિરીક્ષકોએ પણ બે તબક્કામાં તેમને સોંપાયેલા વિસ્તારોની કામગીરી સંપન્ન કરી અને પોતાનો અહેવાલ પંચને આપી દીધો છે અને તેથી જ શ્રી ઝુત્સી મતદાર યાદીની પ્રસિધ્ધિ દરમિયાન ગુજરાત આવી રહ્યાનું પણ મનાઈ રહ્યું છે.



ચેસ માસ્ટર વિશ્વનાથ આનંદ હાલ ગાંધીનગરના મહેમાન છે. રવિવારે તેઓ ગાંધીનગરમાં આવી પહોંચ્યા હતા. સોમવારે મહાત્મા મંદિર ખાતે આયોજીત મહિલા ચેસ મહોત્સવમાં હાજરી આપવા માટે આનંદ ગાંધીનગરમાં પધાર્યા છે. (તસવીર : દિપક જાની)

## ગાંધીનગરની તિજોરી હવે ઈ-બિલ જ સ્વીકારશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લાની તિજોરી કચેરી હવે પેપરલેસ તિજોરી બનશે આ માટેની સંપૂર્ણ તૈયારીઓ તંત્ર દ્વારા કરી દેવામાં આવી છે. ૧લી સપ્ટેમ્બર પછી આ તિજોરી કચેરી માત્ર ઈ-બિલનો જ સ્વીકાર કરશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ પેપરલેસ એડમીનીસ્ટ્રેશન બનાવવાની વ્યુહરચનાના ભાગરૂપે ગાંધીનગર તિજોરી કચેરીની પસંદગી કરવામાં આવી છે. આમ તો રાજય સરકાર દ્વારા ઈ-ટ્રેઝરીનો સ્વીકાર તો કયારનોય થઈ ગયો છે. આર.ટી.ઓ. તેમજ અન્ય વેરાઓ વસુલાતની કામગીરી ઈ-ટ્રેઝરી દ્વારા થઈ રહી છે.

આમ છતાં જિલ્લા સુધી આ સેવાઓ વિસ્તારવાના પગલાં તરીકે ગાંધીનગર તિજોરી કચેરી પણ હવે ઈ-બિલ જ સ્વીકારશે. આ માટે અધિકારીઓને ખાસ તાલિમ પણ આપવામાં આવી છે. ઉપાડ અને વહેંચણી અધિકારીઓને શરૂઆતના તબક્કે ડિજીટલ સિગ્નેચર આપવામાં આવશે.

નાણાં વિભાગ સાથે સંકળાયેલ સૂત્રોના જણાવ્યાનુસાર આ ડિઝીટલ સિગ્નેચર પણ અધિકારીઓ માટે તૈયાર કરી દેવામાં આવી છે અને આ સપ્તાહમાં અધિકારીઓને તે આપી પણ દેવામાં આવશે.

અત્યાર સુધી ઉપાડ અને વહેંચણી અધિકારીઓ દ્વારા બિલો બનાવી રજુ કરતા હતા હવે આ અધિકારીઓએ ઈ-બિલ જ રજુ કરવાના રહેશે. આમ થવાને કારણે સરકારની સ્ટેશનરીની પણ બચત થશે તેમજ તેને નિયત સમયમર્યાદામાં જ બિલો રજુ કરવાના રહેશે. ઈ-બિલ ડિજીટલ સિગ્નેચરથી બનાવી રજુ કરવાના થશે જેને કારણે ઉપાડ-વહેંચણી અધિકારીની જવાબદારીમાં ભારે વધારો થશે.

ઉપાડ-વહેંચણી અધિકારીઓને પણ ઈ-બિલ બનાવવા માટે ખાસ તાલિમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. ઈ-બિલ બનતાં હવે આ અધિકારીઓને ટ્રેઝરી ઓફિસમાં જવા-આવવાનો તથા ટોકન મેળવવા માટે માણસ રાખવા સહિતના સમયની બચત થશે એટલું જ નહિ હિસાબોમાં ચોકકસપણું પણ વધુ આવશે.

જિલ્લા તિજોરી એકમ દ્વારા આ અંગેની તૈયારીઓ તેના અંતિમ તબક્કામાં છે અને સપ્ટેમ્બર માસથી જ ઈ-બિલ પ્રથા અમલી બનશે તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે.

## આખી દુનિયાને ગુજરાતનો ઝળહળતો વિકાસ દેખાય છે પણ કોંગ્રેસ જોઈ શકતી નથી : નરેન્દ્ર મોદી



### ગાંધીનગર ટાઉનહૉલમાં ભાજપ પ્રદેશ મહિલા મોરચાની બેઠકમાં મુખ્યમંત્રીના આકરા પ્રહારો

અમદાવાદ, તા. ૨૬

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે ગાંધીનગરમાં ગુજરાત ભાજપા મહિલા મોરચાની પ્રદેશ બેઠકને સંબોધતા જણાવ્યું હતું કે, ગુજરાતની મહિલા શક્તિ જ કોંગ્રેસને એવો બોધપાઠ ભણાવશે જેનાથી લોકશાહીનું ગળુ ઘોટનારી અને ગુજરાતના વિકાસનો વિરોધ કરનારી કોંગ્રેસને જાકારો દેશે.

કોંગ્રેસના અપપ્રચારની સ્પષ્ટ આલોચના કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે ગુજરાતમાં કોંગ્રેસની સત્તાભૂખ એટલી વકરી છે કે કોંગ્રેસ હવે દિશા અને દશા બદલવાની હવા ભરે છે. આ એ જ કોંગ્રેસ છે જેણે દેશની દુર્દશા કરી નાંખી છે અને હવે ગુજરાતની દુર્દશા કરવા પ્રતિબદ્ધ છે. ગુજરાતની જનતા કોંગ્રેસની દુર્દશાની દિશામાં જવા તૈયાર નથી એમ તેમણે જણાવ્યું હતું.

ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. ચૂંટણીઓ લોકશાહીનું મતપર્વ છે અને મત સક્રિય રહે, સુષુપ્ત ના હોય એ મહત્વને સમજીને મહિલા મોરચાની બહેનો-કાર્યકર્તાઓ લોકશિક્ષણ તરીકેના અવસરને અપનાવે એવી અપીલ મુખ્યમંત્રીશ્રીએ કરી હતી.

પંચાયત અને સ્થાનિક સ્વરાજ તથા વિધાનસભા-સંસદની જનપ્રતિનિધિ બહેનો મૂળભૂત રીતે કાર્યકર્તા જ છે અને સાર્વજનિક જીવનમાં લોકશાહીનો મત સુદઢ કરવામાં બહેનો નિર્ણાયક બને એવો અનુરોધ કરતા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે જુઠ્ઠાણા અને અપપ્રચાર જેમને જેટલા કરવા હોય એટલા કરે આપણે ભાજપાની બહેનો તરીકે ગુજરાતમાં મહિલા મતદારોની મહત્તમ નોંધણી થાય તે માટે સક્રિય ભૂમિકા નિભાવવાની છે.

સાર્વજનિક જીવનમાં સહિષ્ણુતા રાજનૈતિક ગુણ છે બાર વર્ષથી કોઈ હૂમલો, જૂલ્મ જુઠાણાની ભરમારને માત્ર લોકશાહીને ખાતર સહન કરવાની સહિષ્ણુતા દાખવી છે એમ તેમણે સ્પષ્ટ પણે જણાવ્યું હતું.

ગુજરાતનો વિકાસ, પ્રગતિની એની સિદ્ધિ આખા દેશ અને દુનિયાને દેખાય છે પણ કોંગ્રેસને દેખાતો નથી કારણ એને ચૂંટણીનાં ચશ્મા પહેર્યા છે અને ગુજરાતના વિકાસ માટે ભાજપાની સરકારને જનતાનું જે વિરાટ સમર્થન મળ્યું છે તે સાંખી શકવાની કોંગ્રેસની ત્રેવડ જ નથી એમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

ગુજરાતમાં ૨૪ કલાક વીજળી દસ વર્ષથી મળે છે. તેથી એક મિનિટ પણ વીજળી ના મળે તો અકળાઈ જવાય એમ દસ વર્ષથી દુષ્કાળ જોયો નથી તેથી આ વર્ષની કસોટી વિકટ લાગે છે પરંતુ આ અછતની આફતને ઉત્તમ વિકાસના કામોના અવસરમાં બદલવી છે. નર્મદાની આખી કેનાલની લાખો એકર જમીન ઉપર ઘાસચારાનું વિપુલ વાવેતર કરીને જ રહીશું. ભૂતકાળમાં બીજી નદીઓની કેનાલો હતી પણ દુષ્કાળના કાળમાં કોંગ્રેસે પશુના મોઢામાંથી ચારો છીનવી લેવાના રફાળેશ્વર ઢોરવાડાના કૌભાંડો કરેલા તેને આજના દુષ્કાળમાં પશુઓ, ખેડૂતો માટેની સંવેદનાને બદલે રાજકીય રોટલા શેકવા છે એમ તેમણે જણાવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં હળવા વરસાદી ઝાપટાં

અમદાવાદ, તા.૨૬

અમદાવાદ સહીત રાજ્યમાં આજે વરસાદના હળવા ઝાપટા પડ્યા હતા. અમદાવાદમાં બપોર સુધી હળવા ઝાપટા પડ્યા હતા અને સાંજ સુધીમાં સરેરાશ ૩.૪૬ મીમી વરસાદ નોંધાયો છે. અમદાવાદમાં મોસમનો કુલ વરસાદ ૩૩૭.૪૮ મીમી નોંધાયો છે. રાજ્યમાં આજે સૌથી વધુ વરસાદ રાજકોટમાં ૧૧.૮ મીમી નોંધાયો હતો. અમદાવાદમાં પૂર્વ ઝોનમાં ૬.૭૦ મીમી, પશ્ચિમ ઝોનમાં ૩.૩૩ મીમી, નવા પશ્ચિમ ઝોનમાં ૧.૪૦ મીમી, મધ્ય ઝોનમાં ૧.૦૦ મીમી, ઉત્તર ઝોનમાં ૬.૫૦ મીમી અને દક્ષિણ ઝોનમાં ૧.૮૩ મીમી. વરસાદ આજે નોંધાયો હતો. રાજ્યમાં આજે વરસાદ રાજકોટમાં ૧૧.૮ મીમી, કંડલા બંદરમાં ૮.૦૦ મીમી, અમરેલીમાં ૨.૨ મીમી, દ્વારકા ૧.૮ મીમી, મહુવામાં ૫.૬ મીમી, ડિસામાં ૧૦.૧ મીમી, ગાંધીનગરમાં ૫.૦ મીમી, ઈડરમાં ૪.૪ મીમી અને વલસાડમાં ૬.૦ મીમી વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં આકાશ વાદળછાયુ રહેશે અને વરસાદ પડવાની શક્યતા છે. જ્યારે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં કેટલાક સ્થળોએ વરસાદના મધ્યમથી ભારે ઝાપટા પડવાની શક્યતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૧.૨ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫.૦ ડીગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૮૮ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૮૨ ટકા નોંધાયુ હતું.





